# અરવલ્લીમાં ત્રીજા નોરતે ખેલૈયાઓનાં મન મોર બની થનગની ઊઠયાં

## સવારે બફારો, બપોરે અસહ્ય ઉકળાટ, સાંજના વાવાઝોડા સાથે વરસાદ રાત્રી કોરી કાઢતા ખૈલેયાઓમાં આનંદો : મંગળવારે કાળા ડિબાંગ વાદળો સહિત અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં

મોડાસા, તા. ૪
અરવલ્લી જિલ્લામાં ત્રીજા નોરતે ફરી હવામાનમાં પલટો આવતા વાદળછાયા વાતાવરણમાં હળવાથી ભારે ઝાપટા સાથે મેઘમહેર કરતા સતત ત્રણ નોરતામાં ખેલૈયાઓની મજા બગાડી હોય તેવો ઘાટ સર્જાયો અનેક વિસ્તારોમાં એક ઈંચ જેટલો વરસાદ ખાબકતા ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. ધનસુરા, મોડાસા અને મેઘરજ વિસ્તારમાં પડેલા વરસાદે મોડાસા શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાં વાવાઝોડાથી એક વૃક્ષ ધરાશાયી થતા તેની નજીક પાર્ક કરેલી એક કાર અને રીક્ષા દટાયા હતા. સદનસીબે







સવારે બફારા પછી અસહ્ય ઉકળાટ વચ્ચે સાંજના સુમારે સોમવારે આકાશ ઘટાટોપ બની વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ ખાબકતા અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થતા રાત્રીના સુમારે મેઘરાજાએ ખેલૈયાઓની મનની વાત સાંભળી હોય તેમ રાત્રી કોરી ધોક્કર નીકળતા અરવલ્લી જિલ્લામાં ખેલૈયાઓએ મનમુકીને ગરબા રમ્યા હતા. ચોથા નોરતે પણ અરવલ્લી જિલ્લામાં વાદળછાયા વાતાવરણ સાથે જિલ્લાના અનેક વિસ્તારોમાં હળવાથી ભારે ઝાપટા પડતા ચોથા નોરતામાં ખેલૈયાઓના રંગમાં ભંગ તો નહિ પાડે ને વરસાદથી ચિંતીત બન્યા હતા. વાવાઝાડા સાથે વરસાદ ખાબકતા નવરાત્રીના આયોજકોને નુકશાની ભોગવાનો વારો આવશે.

અરવલ્લી જિલ્લામાં પ્રથમ નોરતાથી જ મેઘરાજાએ જિલ્લામાં હતો. સોમવારે સવારે અસહ્ય બફારા અને ઉકળાટ વચ્ચે કાળાડિબાંગ વાદળો ઘેરાવી આવી સાંજના સુમારે ભારે વાવાઝોડા સાથે અડધા કલાકમાં જિલ્લાના નવરાત્રીના મેદાનોમાં પાણીથી તળબોળ થઈ જતા નવરાત્રીના આયોજકો દ્વારા ભારે જહેમત ઉઠાવી ગરબાના સ્થળોએથી પાણી ઉલેચી લીધુ હતુ.

બન્ને વાહનોમાં કોઈ માણસ બેઠેલો ન હોવાથી જાનહાની ટળી હતી.

મોડાસા શહેરમાં પ્રથમ અને બીજા નોરતે વરસાદના કારણે ખેલૈયાઓના રંગમાં ભંગ પાડ્યા બાદ ત્રીજા નોરતે સાંજના સુમારે સાંબેલાધાર વરસાદ રાત્રીના સમયે વરસાદે વિરામ લેતા શહેરના અનેક ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ અવનવા ડ્રેસમાં સજ્જ બની મોડી રાત સુધી મન મુકીને ગરબે ઘુમ્યા હતા. વરસાદના રાત્રી વિરામમાં ખેલૈયાઓના મન જાણે મોર બની થનગની ઉઠ્યા હોય તેમ ઉત્સાહપૂર્વક ગરબા અને ડાંડીયારાસ રમ્યા હતા. ચોથા નોરતે વાદળછાયા વાતાવરણ વચ્ચે જિલ્લાના ધનસુરા સહિતના પંથકમાં હળવાથી ભારે ઝાપટા પડતા ખેલૈયાઓ અને નવરાત્રીના આયોજકો વરસાદ ગરબામાં ખલેલ તો નહિ પહોંચાડેને તેવી ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા.



### મેઘરજમાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ

જમ્મુ-કાશ્મીરના ઉરીમાં સેનાના કેમ્પ ઉપર થયેલા આતંકવાદી હૂમલામાં દેશના જવાનો શહીદ થયા હતા. જેનો આક્રોશ આખા દેશભરમાં જોવા મળે છે. તેના ભાગરૂપે સોમવાર સાંજે મેઘરજ ઈન્દિરાનગર વિસ્તારમાં સહમંડળ દ્વારા શહીદ જવાનોને યુવાનો તેમજ વડીલોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બે મિનિટનું મૌન પાળી મીણબત્તી સળગાવી શ્રદ્ધાંજલિ આપી હતી. જેમાં ઈન્દિરાનગરના આગેવાન દેવાભાઈ વણઝારા સામાજિક કાર્યકર દિપકભાઈ મકવાણા તેમજ અભેસિંગભાઈ ઓડની ખાસ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

# વિસનગર આંગડીયા પેઢી લૂંટ કેસના ત્રણ આરોપી ઝડપાયા

મહેસાણા, તા. ૪
તાજેતરમાં મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં મોટરકારમાં આવેલ પાંચ જેટલા અજાણ્યા શખ્સોએ નાણાં ભરવા માટે જઈ રહેલ આંગડીયા પેઢીના કર્મચારી સામે રીવોલ્વર તાકીને રૂપિયા ૧૭.૮૩ લાખી મત્તાના થેલાની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો. આ અંગે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચે તપાસ કરી લૂંટના ગુનામાં સંડોવાયેલ શખ્સો પૈકી ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઈ લૂંટમાં ગયેલ મુદ્દામાલ કબજે કરી અન્ય શખ્સોની શોધખોળ આરંભી છે.

વિગત એવી છે કે વિસનગર ખાતે ગોવિંદ ચકલા પાસે જ્યોતિ બિલ્ડીંગમાં આવેલ વિજય વિક્રમ નામની આંગડીયા પેઢીના કર્મચારી પટેલ રાકેશ જેઠાલાલ સાંજના સમયે આંગડીયા પેઢીના રોકડા રૂપિયા, હિરાના પેકેટ અને ચાંદી



મળી કુલ ૧૭,૮૩,૦૦૦નો મુદ્દામાલ થેલામાં લઈને મહેસાણા આંગડીયા પેઢીમાં આપવા માટે જઈ રહ્યા હતા ત્યારે નજીકમાં જ ભરબજારમાં ચાર અજાણ્યા શખ્સોએ કર્મચારીને ઘેરી રીવોલ્વર બતાવી ધમકી આપી થેલાનીલૂંટ કરી નંબર વગરની હોન્ડા સીટી જેવી કારમાં બેસી ક્યાંક ફરાર થઈ ગયા હતા.

આ બાબતે વિસનગર પોલીસે લૂંટનો ગુનો નોંધ્યો હતો. જેની તપાસ એલસીબીને સોંપાતા જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય રવિન્દ્ર મંડલીકની સૂચના મુજબ પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન એલસીબીને મળેલ બાતમીના આધારે પોલીસે મહેસાણા ફતેપુરા બાયપાસ સર્કલ પાસે વાહન ચેકિંગ વેળા પો.સ.ઈ. જાડેજા અને સ્ટાફે સફેદ રંગની હોન્ડાસીટી કાર નં. એમ.એચ.૦૪.સી.એમ.૨૩૦૪ને અટકાવી અંદર બેઠેલા શખ્સો મોહસીનહુસેન કેશુભાઈ શેખ રહે. દાસજ, તા. ઊંઝા, સૈયદ અલ્તાફમીયાં સિકંદરમીયાં રહે. ભાંખર,તા. ઊંઝા, ફકીર ઉમરશા સામતશા મૂળ. રહે. ભાંખર હાલ વિસનગરની સઘન પૂછપરછ કરતા તેઓએ પોતાના પરપ્રાંતના સાગરીતો સાથે મળી લૂંટ કરી હોવાનો પર્દાફાશ થતાં પોલીસે ત્રણેયની ધરપકડ કરી લૂંટમાં ગયેલ કુલ રૂ. ૧૮,૮૬,૪૯૫નો મુદ્દામાલ કબજે કરી ગુનાનો ભેદ ઉકેલી દીધેલ છે.

# મોડાસાના હિંમતપુર(ગઢા)માં એકતરફી પ્રેમમાં પાગલ યુવાને યુવતીની હત્યા કરી દેતાં ચકચાર મચી

મોડાસા, તા. ૪
અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના હિંમતપુર(ગઢા) ગામમાં એક તરફી પ્રેમમાં પાગલ યુવાને ૧૭ વર્ષીય સગીરાનું દુપટ્ટાથી ગળુ દબાવી હત્યા કરી નાખતા મોડાસા પંથકમાં ચકચાર ફેલાઈ હતી. એક તરફી પ્રેમમાં પાગલ બનેલા યુવકે સગીરા મારી નહિ થાય તો કોઈની ન થવી જોઈએ તેવી માનસીકતા હેઠળ યુવતીની હત્યા કરી નાખતા મોડાસા રૂરલ પોલીસે યુવકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના હિંમતપુર(ગઢા)ના લાલસીંહ જવાનસીંહ ચૌહાણની સગીર દીકરી ગૌરીબેનને ગામનો જ એક યુવાન ભાવેશકુમાર કનુભાઈ પરમાર એકતરફી પ્રેમમાં પડી સગીરાને પામવા માટે એનકેન પ્રયત્નો હાથ ધરવા છતાં સગીરા ટસની મસ ન થતા અને ગૌરીબેનનો સંબંધ અન્ય યુવાન સાથે નક્કી કરી દેવાતા એક તરફી પ્રેમમાં શાન ભુલેલો ભાવેશે મારી નહિ તો કોઈની ના થવી જોઈએ તેમજ સગીરાને અવારનવાર હેરાન પરેશાન કરી મુકતા અને પ્રેમસંબંધ બાંધવા દબાણ કરવા છતાં સગીરા યુવકની માંગણી ન સ્વિકારતા પ્રેમનો ભૂત સવાર યુવાને સગીર યુવતીને ગળે દુપટ્ટાથી દબાવી મારી નાખતા ગઢા ગામમાં અને મોડાસા મથકમાં ચકચાર મચી ગઈ હતી. યુવકના હિચકારા હુમલાની જાણ થતા પ્રજાજનોએ ફીટકાર વરસાવી હતી. મોડાસા રૂરલ પોલીસે જવાનસીંહ જેસીંગસીંહ ચૌહાણની ફરિયાદના આધારે ભાવેશકુમાર કનુભાઈ પરમાર (રહે. ગઢા) વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૦૨ તથા પોસ્કો કલમ ૧૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



અરવલ્લી જિલ્લાના મોડાસા નગરની ભૌગોલિક પરિસ્થિતિ રકાબી આકારની હોવાથી ગટર તથા વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકાતંત્ર તોબા પોકારી ઉઠ્યું છે. મોડાસામાં એક ઈંચથી વધારે વરસાદ ખાબકે તો પણ નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા નગરજનોની હાલત કફોડી બની જાય છે. સોમવારે રામપાર્ક, વિદ્યાકુંજ, રત્નમ જેવી રહેણાંક સોસાયટીઓમાં વરસાદી પાણી કેડ સમા ભરાઈ રહેતા હોવાથી તેના નિકાલ માટે નગરપાલિકા તંત્ર દ્વારા ૧ કરોડ ૭૫ લાખ રપિયાની અંડરગ્રાઉન્ડ સ્ટ્રોંગ વોટર ગટર લાઈનનું ખાતમુહૂર્ત કરવામાં આવતા સોસાયટીના રહીશોમાં આનંદ છવાયો હતો. ગટરલાઈનના ખાતમુહૂર્તમાં સત્તા પક્ષ અને વિરોધ પક્ષના સભ્યો નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, ચીફ ઓફીસર હરીશ અગ્રવાલ, અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસીંહ ડાભી ઉપસ્થિત રહ્યા હતા.

# મઉં ગ્રામ પંચાયતની બેઠક અનુ. જાતિને ન ફળવતાં ચૂંટણીનો બહિષ્કાર

ભિલોડા તાલુકાના મઉં ગ્રામપંચાયતમાં ત્રણ હજારથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતમાં આજ સુધી સરપંચની બેઠક અનુ.જાતિને ફળવાઈ નથી. આઝાદીના ૭૦ વર્ષ પુર્ણ થવા છતાં મઉં ગામના ૪૬૦ થી વધુ અનુ.જાતિના મતદારોને અન્યાય થઈ રહ્યો હોઈ અનુ.જાતિના મતદારોએ મુખ્યમંત્રી, રાજ્ય ચુંટણી પંચ, કલેક્ટર સહિતને રજુઆત કરી સરપંચની બેઠક અનુ.જાતિને ફાળવવા માંગ કરી છે. આમ નહી થાય તો આગામી ચુંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હોવાનું જાણવા મળેલ છે. મઉં ગામના શ્યામકુમાર પરમાર, પ્રદિપભાઈ પરમાર, નવિનભાઈ પ્રણામી, જશુભાઈ પરમાર સહિત અનેક અનુ.જાતિના લોકોએ જણાવ્યું હતું કે મઉં ગ્રામ પંચાયતના ૨૦૦ થી વધુ અનુ.જાતિના ૪૬૦ થી વધુ મતદારો આવેલ છે. ગ્રામ પંચાયત સરપંચની બેઠક આજ દિન સુધી અનુ.જાતિને ન ફળવાતાં નારાજગી વ્યક્ત કરી લાગતા-વળગતાઓને જાણ કરી હોવાનું જાણવા મળેલ છે.



ડીસામાં છેલ્લા ઘણા સમયથી મામલતદાર તરીકે ફરજ બજાવતા શિવરાજ ગિલવાની રાધનપુર પ્રાંત ઓફીસર તરીકે બઢતી સાથે બદલી થતાં ડીસા મામલતદાર કચેરીના કર્મચારીઓ અને સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા તેમનો સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શિવરાજ ગિલ્વાનું ફુલહાર, શ્રીફળ અને સાકર દ્વારા પ્રાંત અધિકાર દ્વારા અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે જીવણભાઈ પરમાર, હરેશભાઈ દરજી, કલાજી ઠાકોર, ઝાલાભાઈ, ભરતભાઈ, રમેશભાઈ રાણા, વિરમભાઈ બારોટ, રસિકજી ઠાકોર, બાબુભાઈ મારાજ, લાલાભાઈ સોની સહિત કર્મચારીઓ અને સસ્તા અનાજની દુકાનોના સંચાલકો હાજર રહ્યા હતા. શિવરાજ ગિલ્વાનું મોમેન્ટો, શાલ, ફુલહાર દ્વારા સ્વાગત કરી ડીસામાં મામલતદાર તરીકે તેમણે કરેલા કાર્યકાળને બિરદાવી ભાવ ભિતી વિદાય આપવામાં આવી હતી.

# ઉનાવા ગામે પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીનીને ઝેરી જીવજંતુ કરડી જતાં કરૂણ મોત

ઊંઝા, તા. ૪
ઊંઝા નજીકના ઉનાવા ગામે સરકારી પ્રાથમિક કન્યા શાળામાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને શાળામાં કોઈ ઝેરી જીવજંતુએ દંશ દેતા તેણીનું કરૂણ મોત નિપજ્યું હતું.

વિગત એવી છે કે ઉનાવા ગામે ભદ્રકાળી માતાજીના મંદિર પાસે પરામાં રહેતા નિલેશભાઈ રમણલાલ પટેલની દિકરી શ્વેતા ઉં.વ. ૧૧ સ્થાનિક સરકારી કન્યા શાળામાં ધોરણ-૫માં અભ્યાસ કરતી હોઈ નિત્યક્રમ મુજબ આજે શાળામાં અભ્યાસઅર્થે ગઈ હતી. દરમિયાન આ વિદ્યાર્થિનીને સવારના સમયે મુતરડીમાં અચાનક કોઈ ઝેરી જીવજંતુએ દંશ દીધો હતો. જેથી તેણીને તુરત સ્થાનિક દવાખાને અને બાદમાં ઊંઝા ખસેડાઈ હતી. જ્યાં તેણીને મૃત જાહેર કરવામાં આવી હતી. આ ઘટનાથી મૃતકના પરિવારજનો સહિત શાળાના સ્ટાફ વિદ્યાર્થીનિઓ તેમજ ગ્રામજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

# પ્રાંતિજમાં લઘુમતી સમાજનાં બાળકો સ્કોલરશીપથી વંચિત

## વાલીઓએ ભેગાં કરેલાં ફોર્મ સહિત નાણાં ઉપર પાણી ફળી વળ્યું

પ્રાંતિજ, તા. ૪
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લઘુમતી સમાજના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારવા સરકાર દ્વારા સ્કોલરશીપ આપવામાં આવે છે. પણ પ્રાંતિજ ખાતે કેટલાક કર્મીઓની બેદરકારીના કારણે વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. જેમાં ભારત સરકારની લ્યુ. મેટ્રિક લઘુમતી શિષ્યવૃત્તિના ફોર્મમાં પ્રાંતિજની સંસ્કાર વિદ્યાલયને ખોટી લોગઈન આઈ.ડી. અપાતા ગત વર્ષના લાભાર્થી ૪૪ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તાથી વંચિત રહે તો નવાઈ નહી ત્યારે વિકસિત જાતિ કચેરીના નિયામક આ પ્રશ્ને રસ દાખવી છોકરાઓને શિષ્યવૃત્તિ મળે તેવી વ્યવસ્થા કરવા હાલ તો બાળકો સહિત વાલીઓની માંગણી ઉઠવા પામી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે લઘુમતી સમાજ સંચાલિત સંસ્કાર વિદ્યાલય ચાલે છે જેના ધો. ૧ થી ૮ના ૯૪ વિદ્યાર્થીઓ માટે ગત વર્ષે લુંમતી સ્કોલરશીપના ઓન લાઈન ફોર્મ ભર્યા હતા. જેમાં ચાલુ વર્ષે ઓનલાઈન ફોર્મ ભરવાના થતા ટેમ્પરી આઈ.ડી. સંબંધિત કચેરી દ્વારા અપાઈ હતી. જેમાંથી જૂના ૪૪ વિદ્યાર્થીઓના ફોર્મ સબમીટ કરતાં ફોર્મમાં સંસ્કાર વિદ્યાલયની જગ્યાએ ઈડરના ઉમેદગઢની માંસલ સ્કૂલનું નામ આવતા ફોર્મમાં કોઈ વિગત ભરી શકાતી નથી. જેને લઈને પ્રાંતિજની સંસ્કાર સ્કૂલના ૪૪ જેટલા લઘુમતી સમાજના બાળકોની એન્ટ્રી માસલ સ્કૂલમાં કરી દેવામાં આવી છે. ત્યારે વિકસિત જાતિની કચેરી કે જવાબદાર તંત્ર દ્વારા આવી ગંભીર બાબતમાં બેદરકારી રાખવામાં આવતાં વિદ્યાર્થીઓને તેમના હકના નાણાં ગુમાવવાનો વારો આવ્યો છે.

લઘુમતી બાળકોની હેરાનગતિથી વાલીઓમાં રોષ જોવા મળ્યો છે. ત્યારે શાળાના શિક્ષકો દ્વારા હિંમતનગર સમાજ કલ્યાણ કચેરી તથા ગાંધીનગર ખાતે વિકસિત જાતિ કચેરીનો રૂબરૂમાં સંપર્ક કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. આ તો ઉપરથી ભૂલ થઈ છે. એમાં અમે કાંઈ ન કરી શકીએ તેવો જવાબ ઝોનલ ઓફિસથી મળે છે. ત્યારે તંત્રના વાંકે બાળકોની હજારો રૂપિયાની સ્કોલરશીપથી વંચિત રહે તો નવાઈ નહિ. ત્યારે ગાંધીનગર કચેરી સ્થિત જવાબદાર અધિકારીઓ આ ૪૪ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાવવા પ્રયત્ન કરે તેમજ શાળા સંચાલકને યોગ્ય માર્ગદર્શન આપે તેવી લાગણી અને માંગણી વાલી વર્ગમાં જોર પકડ્યું છે. ત્યારે સંબંધિત કચેરીનો ટેલીફોન ઉપર સંપર્ક કરતા નો રિપ્લાય જ મળે છે. ત્યારે હવે વાલીઓ કરે તો શું કરે તે પ્રશ્ન ઉઠવા પામ્યો છે.